## સંક્ષિપ્ત સમાચાર

### ઝાલોદ માછણનાળા ખાતે એગ્રીકલ્ચરલ ટેક્નોલોજી હેઠળ આત્મા પ્રોજેક્ટ યોજાયો



**ઝાલોદ :** દાહોદ જિલ્લા એગ્રીકલ્ચરલ ટેક્નોલોજી મેનેજમેન્ટ એજન્સી હેઠળ આત્મા પ્રોજેક્ટ હેઠળ કિશાન ગોષ્ઠી પ્રોગ્રામનુ આયોજન ઝાલોદ તાલુકાના નાનસલાઈ ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં વનબંધુ કલ્યાણ યોજના અન્વયે ફળ પાક રોપા અને શાકભાજી બિયારણ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આજના આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ ખેતી કરતા ખેડૂતો પગભર થઈ આત્મ નિર્ભર બની ખેતીવાડી કરે તેમજ બાગાયત ખેતી કરીને આગળ આવે તે હતો. આજના આ ફળ પાક રોપા અને શાકભાજી વિતરણ કાર્યક્રમમાં કુલ 208 લાભાર્થીઓને આંબા, લીંબુ, સરગવા, ચીકુ જેવા છોડ તેમજ ભીંડા , રીંગણ, ગવારસીંગનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

### દાહોદની વિવિધ બે શાળાઓમાં વિદ્યાર્થી સમિતિનો શપથવિધિ સમારોહ યોજાયો



**દાહોદ :** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર. એન્ડ એલ. પંડ્યા હાઇસ્કુલ અને શ્રીમતી એસ એમ કુંદાવાલા હાયર સેકન્ડરી સ્કૂલ, દાહોદ દ્વારા ભારતીય લોકશાહી પદ્ધતિથી બાળકો અવગત થાય તે ઉમદા હેતુથી ઇ.વી.એમ. વોટીંગ મશીન દ્વારા ચૂંટણી પ્રક્રિયા કરવામાં આવી.ચૂંટાયેલ વિદ્યાર્થીઓમાંથી વિદ્યાર્થીના વિવિધ હોદ્દેદારો માટે ચૂંટણી કરી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી એલ.આર.તેમજ વિવિધ સમિતિ ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી.આ સૌના શપથવિધિ સમારોહ નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રીમતી શ્રદ્ધાબેન ભડંગના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. શાળાના શપથવિધિ સમારોહમાં શિક્ષક મિત્રો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ગોધરાની વી.એમ.શાહ ગુજરાતી મીડિયમ શાળામાં "બેગ લેસ ડે"ની ઉજવણી



**હાલોલ :** ગુજરાત સરકાર" દ્વારા ભાર વિના નું ભણતર અને નવી શિક્ષણ નીતિ અંતર્ગત પ્રાથમિક વિભાગ ધો-1 થી 8 ની શાળામાં બાળકો નો માનસિક અને શારીરિક વિકાસ થાય તે અર્થે બેગ-લેસ-ડે નું આયોજન કરવામાં આવેલ છે જે સૂચના અનુલક્ષી ને આજ-રોજ હાલોલ ની ગોધરા રોડ ખાતે આવેલ વી.એમ.શાહ ગુજરાતી મીડિયમ પ્રાથમિક વિભાગ શાળા માં "બેગ લેસ ડે"નું આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના ધો-1 થી 8 ના વિદ્યાર્થીઓ આજે શાળામાં પોતાના પાઠ્ય-પુસ્તક નોટબુક ચોપડા વિના માત્ર નાસ્તા નોં ડબ્બો અને પાણી ની બોટલ સાથે શાળા માં આવ્યા જેમાં આવતા ની સાથે સંગીત શિક્ષક, યોગ શિક્ષક, તેમજ પીટી શિક્ષક દ્વારા બાળકો ને પ્રાર્થના તેમજ ધ્યાન,યોગ,સાથે વિવિધ શારીરિક શિક્ષણ અને માનસિક શાંતિ મળે તેવી વિવિધ પ્રવુર્તિ યોજવામાં આવી ત્યારબાદ શાળા ના દરેક વિષય શિક્ષકો દ્વારા સહ-અભ્યાસિક પ્રવુર્તિ નું આયોજન કરવામાં આવ્યુ.

### કાલોલની રીંછીયા પ્રાથમિક શાળાના નવનિર્મિત ઓરડાઓનું લોકાર્પણ કરાયું



**કાલોલ :** કાલોલ તાલુકાની નાંદરખા ગૃપ ગ્રામપંચાયતની રીંછીયા પ્રાથમિક શાળાના નવનિર્મિત ઓરડાઓ નું લોકાર્પણ 18 પંચમહાલ લોકસભા ના સંસદ રાજપાલસિંહજી ના વરદ હસ્તે 127 કાલોલ વિધાનસભા ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ની ઉપસ્થિતિમાં રિછીયા પ્રાથમિક શાળા ના નવીન વર્ગ ખંડનુ લોકર્પણ કરવમા આવ્યુ કાર્યક્રમમા જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ગાયત્રીબેન પટેલ તેમજ કાલોલ તાલુકા ભાજપ પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, એપીએમસી ચેરમેન ધર્મેન્દ્રસિંહ રાઠોડ તથા શાળાના આચાર્ય સ્ટાફ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

---

### જિલ્લા કલેક્ટરના નેજા હેઠળ ગોધરા નજીક મેસરી નદી પરના ઓવરબ્રિજનુ નિરીક્ષણ કરી નિર્ણય લેવાયો

# ગોધરાના ક્ષતિગ્રસ્ત બ્રિજનું યુદ્ધના ધોરણે સમારકામ શરૂ







**બ્રિજ** પરના ખાડાવાળા ડામરના પટ્ટાને બદલીને નવા વિયર કોટનું સમારકામ કાર્ય શરૂ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) ગોધરા, તા.14
ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો અને માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં પુલો, રસ્તા અને વરસાદી માહોલના લીધે અસર પામેલા માર્ગોના સમારકામ માટે ખાસ અભિયાન અમલી બનાવવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા નજીક આવેલા ગદુકપુર ગામ પાસેથી પસાર થતી મેસરી નદી પરના ઓવરબ્રિજનો માર્ગ જર્જરિત થતાં વાહનચાલકોની અનેક ફરિયાદો બાદ જિલ્લા વહીવટી તંત્ર અને ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GSRDC) દ્વારા તાત્કાલિક સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. ચોમાસા અને સતત વાહનવ્યવહારના કારણે બ્રિજ પર ઊંડા ખાડા પડી ગયા હતા, જેનાથી વાહનચાલકોને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો અને અકસ્માતનો ભય પણ વધ્યો હતો. પ્રજાજનોની સુરક્ષા અને સુગમ માર્ગ વ્યવહારને ધ્યાનમાં રાખીને, જિલ્લા કલેક્ટર અજય દહિયા અને GSRDCના સિનિયર ઈજનેરોની દેખરેખ હેઠળ બ્રિજ પરના ખાડાવાળા ડામરના પટ્ટાને બદલીને નવા વિયર કોટનું સમારકામ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ ઓવરબ્રિજ ૧૭૩ કિલોમીટર લાંબા હાલોલ-શામળાજી સ્ટેટ હાઈવેનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ હાઈવે મુંબઈ-દિલ્હી વચ્ચેના મુખ્ય વાહનમાર્ગ, નેશનલ હાઈવે ૪૮ સાથે જોડાયેલો છે. દરરોજ હજારો નાના-મોટા વાહનો આ માર્ગ પરથી પસાર થતા હોવાથી માર્ગને તીવ્ર ઘસારો પહોંચે છે. ભારે ટ્રાફિકવાળા આ માર્ગ પર થતી અકસ્માતોની શક્યતાઓ અટકાવવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. દિલ્હી અને મુંબઈ વચ્ચેનું આ મુખ્ય જોડાણ સુગમ અને સલામત રહે, અને લોકોને અવરજવર દરમિયાન કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે ડામર પાથરવાનો અને માર્ગ સુધારણા સંબંધિત દરેક પાસાઓનો નિષ્ણાતોની દેખરેખ હેઠળ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો છે. આ ઉપરાંત, આગામી સમયમાં પણ માર્ગની સ્થિતિનું નિયમિત નિરીક્ષણ અને જાળવણી કરવા માટે એક ખાસ ટીમ નિમવાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ દરમિયાન જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર પ્રજાજનોની સલામતીને પ્રાથમિકતા આપશે અને જરૂરી હોય ત્યાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે સ્થાનિક વાહનચાલકોને પણ સહકાર આપવા અપીલ કરી હતી અને સમજાવ્યું હતું કે થોડા દિવસોની અસુવિધા લાંબા ગાળે વધુ સારી અને સલામત મુસાફરી માટે અનિવાર્ય છે. આ સમારકામ કાર્ય પૂર્ણ થતા જ વાહનચાલકોને નોંધપાત્ર રાહત મળશે.

---

### ગોધરાના રતનપુર (કાં) બ્રિજ બંધ થતાં નાગરિકોને ભારે હાલાકી

# ઈમરજન્સી સેવા અને રાહદારી માર્ગ માટે કલેક્ટરને રજૂઆત

**સ્થાનિક** વિદ્યાર્થીઓ અને લોકો અવર જવર કરી શકે તે માટે રસ્તા વચ્ચે થોડી જગ્યા કરવા કરાઈ



(પ્રતિનિધિ) ગોધરા, તા.14
પંચમહાલ જિલ્લાના રતનપુર કાંટડી ગામને જોડતો અતિ મહત્વનો બ્રિજ સંપૂર્ણપણે બંધ કરી દેવાતા સ્થાનિક ગ્રામજનો અને આસપાસના વિસ્તારોના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. થોડા સમય પહેલા આ બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર બંધ કરવા માટે કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું અને બ્રિજનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. ગામથી ૨૫ કિલોમીટરના વિસ્તારમાંથી એસ.બી.આઈ. બેંકમાં લેવડદેવડ કરવા આવતા લોકો, આરોગ્ય વિભાગમાં સારવાર લેવા આવતા દર્દીઓ, પોસ્ટ ઓફિસમાં વિધવા પેન્શન લેવા આવતા લાભાર્થીઓ, નદી પાર ખેતી કરવા આવતા ખેડૂતો, રતનશ્વર મહાદેવના દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓ - સૌને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, આ ગામમાંથી ૭૦૦થી વધુ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ શાળાએ પહોંચવામાં પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. વધુમાં, બ્રિજની બંને રોડની સાઈડ ઉપર પાકી દીવાલની બાજુમાં થોડી અવરજવર માટે જગ્યાઓ રાખેલી છે.

---

### દાહોદ જિલ્લામાં ચોમાસાની ઋતુના પ્રારંભમાં સારો વરસાદ

# દાહોદ જિલ્લામાં આવેલા આઠેક જેટલા ડેમોમાંથી 2 ડેમ ઓવરફ્લો થયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.14
દાહોદ જિલ્લામાં ચોમાસાની ઋતુના પ્રારંભમાં સારા વરસાદને પગલે જિલ્લામાં આવેલ આઠ ડેમાં પૈકી ૨ ડેમો ઓવરફ્લો થયાં છે જેમાં કાળી-૨ ડેમ અને ઉમરીયા ડેમ ઓવરફ્લો થતાં ખેડુતોમાં આનંદનો માહૌલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં સારા વરસાદને પગલે જિલ્લાના ખેડુત મિત્રો ખેતી કામમાં જોતરાઈ ગયાં છે.

આ વખતે દાહોદ જિલ્લામાં મેહુલીયાએ મનમુકીને વરસાદ વરસાવ્યો છે. જિલ્લામાં સારો વરસાદ વરસતા જિલ્લાના આઠ પૈકીના ૨ ડેમ ઓવરફ્લો થયા છે તો ૬ ડેમ ૯૯ ટકા ઓવરફ્લો થયા છે. આ ડેમમાં પાણી થી છલકાતા સારી માત્રામાં પાણીની આવક થતા કાંઠા વિસ્તારમાં રહેતા લોકોને સાવધાન રહેવું પડશે. આ સાથે જિલ્લાના નવ તાલુકાઓમાં સૌથી વધુ વરસાદ દાહોદ તાલુકામાં ૫૧ ટકા ઉપરાંત વરસ્યો છે. તો સૌથી ઓછો વરસાદ દેવગઢ બારીયામાં ૨૫.૬૩ ટકા વરસ્યો છે. જોકે પાછલા અઠવાડીયા દરમ્યાન જિલ્લામાં છુટક છુટક મિનીટોમાં વરસાદ વરસતા ટાઢક જન્મી છે તો આ વરસાદ રોકાવાની રાહ ખેડુતો જોઈ રહ્યા છે. વરસાદ રોકાતા તેમના ખેતરોમાં ખેતીને લગતી વિવિધ કામગીરીઓનો આરંભ ખેડુતો દ્વારા કરવામાં આવશે. આ વખતે એકંદરે વરસાદ સારો વરસી રહ્યો છે. હાલ તો ચોમાસુ ઘણુ બાકી છે.

ત્યારે જિલ્લાના ડેમો છલકાવવાની અણીએ પહોચ્યા છે. ત્યારે આવનારા દિવસોમાં સારો વરસાદ વરસે તો સાવચેતી રાખવી પણ ખુબ જરૂરી બનશે.

---

### લીમખેડા વહીવટી તંત્રે સાવચેતીના પગલાં લીધા

# લીમખેડાનો ઉમરીયા ડેમ ઓવરફ્લો, 280.5 મીટરે જળસપાટી પહોંચી

**નદીકાંઠાના** વિસ્તારોમાં ન જવા અપીલ કરાઇ છે




(પ્રતિનિધિ) લીમખેડા, તા.14
લીમખેડા તાલુકામાં આવેલો ઉમરીયા ડેમ ચોમાસાની સીઝનમાં સારા વરસાદના કારણે ઓવરફ્લો થયો છે. ડેમની જળસપાટી તેની સામાન્ય ક્ષમતા 280 મીટરથી વધીને 280.5 મીટરે પહોંચી ગઈ છે. જિલ્લા અને ઉપરવાસના વિસ્તારોમાં પડેલા વરસાદને કારણે ડેમમાં પાણીની સતત આવક થઈ રહી છે.

જિલ્લાના અન્ય છ ડેમોની જળસપાટીમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ પરિસ્થિતિ ખેતી અને સિંચાઈ માટે લાભદાયક સાબિત થશે. ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. તેમનું માનવું છે કે, પૂરતા પાણીની ઉપલબ્ધતાથી ખેતી ઉત્પાદનમાં વધારો થશે. લીમખેડા વહીવટી તંત્રે સાવચેતીના પગલાં લીધા છે. મામલતદારે નદીકાંઠાના ગામોના લોકોને સલામતીની સૂચનાઓ આપી છે. નદીકાંઠાના વિસ્તારોમાં ન જવા અપીલ કરવામાં આવી છે. દાહોદ જિલ્લામાં વરસાદનું જોર ઘટ્યું છે. પરંતુ ઉપરવાસમાં પડેલા વરસાદને કારણે ડેમમાં પાણીની આવક ચાલુ છે. વહીવટી તંત્ર સતત દેખરેખ રાખી રહ્યું છે.

---

# કાલોલના ચલાલી ખાતેથી ગેરકાયદે રેતી ખનન કરતા 6 ટ્રેક્ટર ઝડપાયા



(પ્રતિનિધિ) ગોધરા, તા.14
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ચલાલી ગામ પાસે ચાલી રહેલા બિન-અધિકૃત રેતી ખનન પર ખાણ અને ખનીજ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. બાતમીના આધારે દરોડો પાડીને 36 લાખની કિંમતના મુદ્દામાલ સહિત રેતીની હેરાફેરી કરતા છ ટ્રેક્ટરને ઝડપી પાડવામાં આવ્યા હતા, જે તમામ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા છે. ચલાલી ગામના સીમાડે આવેલા વિસ્તારમાં ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન, કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે સાદી રેતીનું ખનન કરીને ટ્રેક્ટરો મારફતે તેની હેરાફેરી કરવામાં આવી રહી હોવાનું ધ્યાને આવ્યું હતું.

---

# દાહોદ તાલુકાના ઈટાવા નજીક વાહન અકસ્માતમાં બેના ઘટનાસ્થળે મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.14
દાહોદ જિલ્લામાં વહેલી પરોઢે પાંચેક વાગ્યાના સુમારે દાહોદ તાલુકાના ઈટાવા ગામના રાહુલભાઈ રવજીભાઈ મેડા, કાંતિભાઈ મેસુભાઈ મેડા, તથા દીપકભાઈ વગેરે રીક્ષા ભાડે કરી દાહોદથી ઘરે જવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન રસ્તામાં ગમલા ગામે ચંદવાણા તરફ જતા રોડ નજીક હાઈવે પર રિક્ષાનું ટાયર પંચર થતાં રાહુલભાઈ મેડા, કાંતિભાઈ મેસુભાઈ મેડા તથા રિક્ષા ડ્રાઈવર એમ ત્રણેય જણા ભેગા મળી રીક્ષા ઊંચી કરી ટાયરની ફેર બદલી કરતા હતા. તેવામાં દાહોદ તરફથી પુરપાટ દોડી આવતી એક ફોરવીલ ગાડી રીક્ષા સાથે ત્રણેને જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ઈટાવા ગામના રાહુલભાઈ રવજીભાઈ મેડાને ડાબા કાને, જમણા પગની ઘૂંટી પર તથા શરીરે ઈજાઓ થવા પામી હતી, દીપકભાઈને મોઢાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જ્યારે કાંતિભાઈ મેસુભાઈ મેડા તેમજ રિક્ષા ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થતા તે બંનેનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

---

### ગોધરા એલસીબીની ટીમે હાલોલ જયોતિ સર્કલ પાસેથી ત્રણ ચોરોને ઝડપ્યા

હાલોલ : પંચમહાલ ગોધરાના ક્રાઈમ બ્રાન્ચની ટીમને પાક્કી બાતમી મળી હતી કે જાંબુઘોડા ખાતે થયેલી ગરફોડ ચોરીમાં ગયેલ દાગીના હેમંતભાઈ ઉર્ફે બટકો ચિમનભાઈ પવાર રહે.હાલોલ ભરોંના ફળિયા,વિશાળકુમાર અરવિંદભાઈ પરમાર રહે. રાયણવાડિયા હાલોલ તથા વિક્રમસિંહ અશ્વિનસિંહ રાણા રહે. પપ્પાજી પાર્ક હાલોલ નાઓ સોના ચાંદીના દાગીના ઘરેણા નો ભાગ પાડી નબર પ્લેટ વગરની મોટર સાયકલ લઈ પાવાગઢ કાળીભોય તરફથી જ્યોતિ સર્કલ તરફ આવનાર હોવાની પાકી બાતમીના આધારે એલસીબીની ટીમે જ્યોતિ સર્કલ પાસે નાકાબંધી કરી ચેકીંગ હાથ ધરતા ત્રણેવ આરોપીઓ ઝડપાઈ ગયા હતા.


kdcc

**The Kaira District Central Co. Op. Bank Ltd. Nadiad.**
Sardar Patel Sahkar Bhavan, Mission Road, Nadiad - 387002.
Email ID : jobest.ho@kdccbank.in

**BANK IS LOOKING FOR EXPERIENCED PERSON FOR THE POSTS**

**GENERAL MANAGER : POST-1**
EDUCATION QUALIFICATION : GRADUATE WITH CA, CAIIB, DBF, DIPLOMA IN CO-OP.BUSINESS MANAGEMENT OR POST GRADUATE
EXPERIENCE : MINIMUM 15 YEARS EXPERIENCE IN BANKING SECTOR WITH 10 YEAR EXPERIENCE IN SENIOR-MIDDLE LEVEL MANAGEMENT

**ASST.GENERAL MANAGER : POST-3**
EDUCATION QUALIFICATION : CA, CAIIB, DBF, DIPLOMA IN CO-OP. BUSINESS MANAGEMENT OR POST GRADUATE OR GRADUATE
EXPERIENCE :
1. MINIMUM 10 YEARS EXPERIENCE IN BANKING SECTOR OUT OF WHICH 4 YEARS EXPERIENCE IN SENIOR - MIDDLE LEVEL MANAGEMENT
2. IN CASE OF GRADUATE CANDIDATE MINIMUM 12 YEARS EXPERIENCE IN BANKING SECTOR INCLUDING 6 YEARS OF SENIOR - MIDDLE LEVEL MANAGEMENT

1. VISIT OUR WEBSITE https://www.kdccbank.in/Career FOR DETAILED INFORMATION AND APPLICATION FORM.
2. CANDIDATES WHO FULFILL THE CRITERIA FOR ABOVE MENTIONED POST CAN SEND THEIR APPLICATION WITH SUPPORTING DOCUMENTS BY POST / COURIER / MAIL AT BANK'S HEAD OFFICE TILL 25/07/2025.
3. RELAXATION WOULD BE CONSIDERED FOR QUALIFIED /WELL EXPERIENCED CANDIDATE.

DATE: 14-07-2025 — CHIEF EXECUTIVE OFFICER
AT. NADIAD — THE KAIRA DISTRICT CENTRAL CO-OP.BANK LTD.